# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૫૯ • તા.૨૭ મે થી ૨ જુન ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## અચલગચ્છ માટે અત્યંત દુઃખદ સમાચાર :

# મધ્યાન્હે સૂર્યાસ્ત






# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

**LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA**



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**ચંદ્રેશ વિરચંદ છેડા**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# દ્રષ્ટિ, ખામી અને ખૂબીઓ જોવાની

દરેક વ્યક્તિના બે પાસા હોય છે. ખરાબ અને સારા જે રીતે એક સિક્કાની બે બાજુ હોય છે. તેવી જ રીતે આ બન્ને પાસાને નજર અંદાજ ન કરવા જોઈએ. એ દરેક પાસાની નોંધ લઈ તેની ખાસિયત પ્રમાણે તેની સાથે વ્યવહાર કે વર્તણુક કરવી જોઈએ. ખરાબ પાસુ હોય એ બધી જ રીતે ખરાબ હોય એવું જરૂરી નથી. બીજી દ્રષ્ટિથી જોઈએ તો એમાં કંઈક સારું પાસું લાધવાનું જ. દરેક વ્યક્તિના સ્વભાવમાં ખામીઓની સાથે ખૂબીઓ હોવાની જ. પણ ખામીઓથી ખૂબીઓ ઢંકાઈ ગઈ હોય કે ખૂબીઓ નીચે ખામીઓ ઢબૂરાયેલી હોય તો તેને જાણવી જોઈએ. તેને ખણ ખોદ કરી બહાર કાઢવી જોઈએ.

ઘણા લોકોની ખાસિયત હોય છે કે સામેવાળાની ખામીઓ જ શોધવાની કે તેની ખામીઓને મોટી બનાવી તેને અન્ય સમક્ષ પ્રગટ કરવી કે તેની વાતોને અન્ય લોકો સમક્ષ જોર શોરથી મૂકવી. આ લોકોના દોષ જોવાનો તેને હાઈલાઈટ કરવાનો આપણો નકારાત્મક તરીકો છે. તો અમુક લોકો સામેવાળાની માત્ર સારી બાબત જોશે. લોકોની માત્ર સારી બાબતો જોવી, તેને ઉજાગર કરવી, અન્યો સમક્ષ મૂકવી એ હકારાત્મક અભિગમ છે જે સારી વાત છે. આ લોકો સૌને પ્રિય હોય છે. માત્ર ખરાબ આદત જોનારા લોકો આપણી ખૂબીઓ નહીં જુએ. શું આવડે છે એના કરતાં શું. નથી આવડતું, ક્યાં ખામી છે, દોષ હક્કીત છે. તેની વિષે ખણ ખોદ કરવી કોઈકનો સ્વભાવ હોય છે અથવા કાયમનું કાળું ચરિત્ર હોય છે. જે બદલી શકવાનો નથી. પણ આપણે એને નજર અંદાજ કરવું જોઈએ. તો જ આપણે પ્રગતિ જાળવી શકીશું. અન્યના બદ ઈરાદા કુટેવ પ્રત્યે ધ્યાન ન આપીએ એમાં જ આપણી ભલાઈ છે.

આપણા સમાજમાં ઘણા લોકો એવા હોય છે. જેમને કાંઈ ફરક ન પડે પણ અમુક નબળા મનના, અવઢવ પ્રકૃતિ ધરાવતા જલદી બીજાની વાતો પર, તેમના દ્વારા રજૂ થતાં બેફામ બણગાં ન ગણકારીએ એમાં જ આપણી કાયમની ભલાઈ છે. સારા વ્યક્તિત્વ ધરાવતા લોકો સામેવાળામાં શું ખૂબીઓ છે, તેનામાં શું આવડત છે, પ્રતિભા ધરાવે છે તેને પ્રોત્સાહિત કરે છે. સારા કામની પ્રશંસા અને ખરાબ કામની અવગણના કરનાર વ્યક્તિ સાધારણ નથી. કારણ કે જે સારું કરે છે તેના વખાણ કરવા સહેલા નથી. હર વખતે લોકોની ખામીઓ ગણી ગણીને શોધી કાઢવાથી સામેવાળાની ખામીઓ ઢંકાઈ જશે. પણ, ખામીઓ શોધનારની બદ આદતો, તેના ખરાબ ઈરાદા જરૂર ખૂલ્લા પડી જશે. જે સારું છે તેની પ્રશંસા કરવાથી તે વ્યક્તિનો ઉત્સાહ વધશે, કાર્યશૈલીમાં ઉછાળો આવશે. એ જરૂરી નથી કે દરેક વ્યક્તિની ખામીઓ શોધવી તેની અધૂરપ જ ખોજવી એ વ્યક્તિમાં કંઈ આવડત નથી તે જોવા કરતાં તેની ખૂબીઓ, ખાસિયતો પ્રત્યે જોઈશું તો સંબંધ પણ સુધરશે અને સ્નેહનો સેતુ પણ નિર્માણ થશે.

– જય જ્ઞાતિમૈયા

# પૈસાનો પ્રભાવ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વેદશાસ્ત્રો દ્વારા જીવન વ્યવહાર ચાર પુરૂષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ દર્શાવ્યા છે. જેમાં ધર્મ પછી ધન એટલે અર્થની મહત્તા દર્શાવી છે. આમ છતાં ધન સર્વ સ્વ નથી. તે માત્ર એક સાધન છે. એનાથી સુખ મળે એ નિશ્ચિત નથી. તેને માટે કહેવાતું કે પૈસો હાથનો મેલ છે. પણ એ મેલ હવે રહ્યો નથી. તે ભલભલાના હાથનો મેલ ધોઈ નાંખે છે. એટલે કે બધી બુરાઈઓને ઢાંકી દે છે. પૈસાનો ચળકાટ લોહચુંબક જેવો છે. તે સૌને આકર્ષે છે. જીવનમાં પૈસા જરૂરી છે. તેના વગર કશું થઈ શકે નહીં. ગમે તેટલી નશ્વરતાની અને ત્યાગની વાત કરીએ ભલે પણ વાસ્તવિકતા એ છે કે ગમે તેટલું ધન હોય પણ કોઈ કહેશે નહીં કે હવે બસ થયું મારે હવે વધારે ધન જોઈતું નથી. જેમ ધન વધે તેની પક્કડ માનવી ઉપર વધે છે. માનવ અક્કડ થઈને ચાલે છે. મગરૂરીમાં રહે છે. ધનનો પ્રભાવ ચોમેર વધયો છે. ચાહે એ કુટુંબ, સમાજ હોય કે ધર્મ અથવા જીવનના હર કોઈ ક્ષેત્રમાં પૈસાની બોલબાલા છે. પૈસા હોય તેને લોકો સલામ કરે છે. ધનિક હોય તેને જાહેર સમારોહમાં ઊંચા આસને બેસવા મળે છે. સતત પ્રશંસા અને વાહવાહી થાય છે. પૈસાને લીધે પ્રતિષ્ઠા અને પદપ્રાપ્તિ થાય છે. સતત પ્રશંસા અને વાહવાહી થાય છે. પૈસાને લીધે પ્રતિષ્ઠા અને પદપ્રાપ્તિ થાય છે. પણ પૈસા ગયા તો બધું ખલાસ. માણસ કોડીનો થઈ જાય. સોન જેમ ચળકાટ કરતો પિતળને તોલે આવી જાય છે.

પૈસા બહુ કામની ચીજ છે એ હકીકત છે. પણ તે એક સાધન છે, સાધ્ય નહીં, તેમાંથી સુખ મળશે એ નિશ્ચિત નથી, પરંતુ સગવડો અને સુવિધાઓ જરૂર મળશે. તેનાથી દુ:ખ, કષ્ટ દર્દ ઓછા થઈ જશે એમ કહી ન શકાય. ધન પ્રાપ્તિ દુ:ખનું કારણ બની શકે છે. જ્યારે ગરીબો માટે કષ્ટ નિવારણ બને છે. દુ:ખ માનસિક છે જ્યારે કષ્ટ શારીરિક છે. શ્રીમંતોને કષ્ટ હોતું નથી, દુ:ખ હોય છે. જ્યારે ગરીબોને દુ:ખ હોતું નથી પણ કષ્ટ હોય છે.

ધનના થોડાક સદ્‌ગુણો પણ છે. તેનાથી આત્મવિશ્વાસ વધે છે. સલામતીનો અહેસાસ થાય છે. સાચું કહેવાની અને પોતાનો મત સ્પષ્ટ વ્યક્ત કરવાની હિંમત વધે છે. માણસ થોડો ઉદાર બને છે અને ક્યારેક અન્ય દીનજનોનું સારું કરવાનું વિચાર પણ પ્રગટે છે. પૈસા પ્રાપ્ત કરનારને વહાલાં લાગે છે. આપણે તેને સાચવી એ છીએ તેનું જતન કરીએ છીએ. તે સદાય આપણી પાસે રહે એવી ભાવના રહે છે. પણ પૈસો એટલે કે લક્ષ્મી ચંચળ છે. તેનો સ્વભાવ સ્થિરતાનો નથી. આજે આપણી પાસે છે આવતી કાલે અન્ય પાસે હશે. ધન કાયમ માટે કોઈનું રહ્યું નથી. પૈસાથી અભિમાન આવે અહંકાર જાગે, ઈર્ષા, લાલચ પ્રગટે. દંભ અને તુમાખી આવે છે. તેમાં ધનનો દોષ નથી. વાંક આપણો છે. ધન સારું કે ખરાબ નથી. આપણે તેનો કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તેના પર બધો આધાર છે. પ્રામાણિકપણે, પરિશ્રમ દ્વારા શુધ્ધ ધન નથી અને નીતિના માર્ગે ધન પ્રાપ્તિ થાય છે તેનો આનંદ અપાર હોય છે. સહેલાઈથી અધર્મ આચરી અનીતિ દ્વારા મળેલ ધન ટકતું નથી તે જલદી પોતાનો રસ્તો કરી લે છે. પૈસો હોવા છતાં તેનું બેહુદું પ્રદર્શન થાય, અહમ ન આવે, અન્યોને ઉપયોગી થવાની ભાવના પ્રગટે તેનું ધન દીપી ઉઠે છે. પૈસા સંગે તેની પ્રતિભા પણ ઝળકી ઉઠે છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**


| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અચલગચ્છ માટે અત્યંત દુઃખદ સમાચાર : મધ્યાન્હે સૂર્યાસ્ત

# યુવા મુનિરાજ પ.પૂ.મેઘરક્ષિતસાગરજી મ.સા. રોડ અકસ્માતમાં કાળધર્મ પામ્યા





અચલગચ્છ માટે આજે એક દુઃખદ સમાચાર મળ્યા. અચલગચ્છના યુવા મુનિરાજ પ.પૂ.શ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા. શુક્રવાર, તા.૨૬મે ના સવારે વાપી અને ભીલાડ વચ્ચે રોડ એકસિડન્ટમાં કાળધર્મ પામ્યા છે. આ સમાચાર મળ્યાં ત્યારે તેમનો પાર્થિવ શરીર વાપીની એક હોસ્પિટલમાં છે. વાપી સંઘના અગ્રણીઓ આગળની ગતિવિધિઓ કરી રહ્યાં છે. ૩૮ વર્ષની યુવા વય અને ૧૬ વર્ષનો દીક્ષા પર્યાય ધરાવતા કાળધર્મ પામેલ પ.પૂ.મેઘરક્ષિતસાગરજી મ.સા.ની પાલખી યાત્રા શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘ, ચંદ્રપ્રભુ જિનાલય, પાંચ પખાડી થાણા વેસ્ટથી નીકળી હતી. અંતિમ દર્શન બપોરે ૨ થી ૨.૩૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ. અંતિમ વિધિ બહોળી સંખ્યામાં ગુરૂ ભક્તોની હાજરીમાં જવાહર બાગ સ્મશાનભૂમિ, સ્ટેશન રોડ, થાણામાં થઈ હતી.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# અચલગચ્છના તેજસ્વી યુવા મુનિરાજ પ.પૂ.શ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા.ના આકસ્મિક કાળધર્મ પામતા અચલગચ્છાધિપતિનો શાતાનું વંદના પત્ર

તા.૨૬મે શુક્રવારના વહેલી સવારે વાપી અને ભીલાડ વચ્ચે રોડ એકસિડન્ટમાં કાળધર્મ પામેલા ગચ્છના પરમ તેજસ્વી ઉત્તમ સંયમી યુવા મુનિરાજ પ.પૂ.શ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા.ના સમાચાર જાણી દંતાણી તીર્થ તરફ વિહાર કરતાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ રોડા વિહારધામ જીલ્લા પાટણ (ઉ.ગુ.)થી પત્ર લખી સાદર શાતાનું વંદના કરી છે.

શાસન પ્રભાવક આ.પ્ર.શ્રી મહોદયસાગરસૂરિજી, સુવિનીત તપોનિધિ મુનિરાજ શ્રી તીર્થરત્નસાગરજી, મુ. શ્રી તત્વરક્ષિતસાગરજી, મુનિશ્રી હેમરક્ષિતસાગરજી, મુનિશ્રી મુનિશ્રી મંત્ર નિધાન, માર્ગ નિધાન શ્રી મહોત્સવ રક્ષિતસાગરજી સાદર શાતાનુવંદના.

સુદેવ ગુરૂ ધર્માનુરાગી શ્રી અ.ભા.અ.જૈન સંઘ, ગઢશીશા જૈન સંઘ, વસઈ અ. સંઘ, ગઢશીશા જૈન સંઘ વસઈ અચલગચ્છ સંઘ, વાપી અચલગચ્છ સંઘ, મુલુંડ (પૂ) અ.સંઘ, સંઘ સમસ્ત, સુશ્રાવક શ્રી મોરારજીભાઈ દેઢિયા (ગઢ-વસઈ), રત્નકુક્ષી માતુશ્રી હેમલતાબેન આદિ સાદર ધર્મલાભ.

આજે આપણા ગચ્છના તેજસ્વી ઉતમ સંયમી યુવા મુનિરાજ શ્રી મેઘરક્ષિત સાગરજી વિહારમાં એકસિડન્ટથી માથામાં મુઢ માર વાગતાં એકાએક કાળધર્મ પામ્યા. શાસન ગચ્છને અકલ્પનીય ક્ષતિ થયેલ છે. તેમનો પાવન આત્મા શિઘ્ર પરમપદ પામે એજ શુભ ભાવના.

પ્રખર પ્રવચનકાર તેજસ્વી મુનિરાજ શ્રી દેવરત્નસાગરજીના શિષ્ય તરીકે દીક્ષા લીધી. હાલ તેઓની વય પ્રાયઃ ૩૮ વર્ષ અને દીક્ષા પર્યાય ૧૬ વર્ષનો હતો. ૨૨ વર્ષની યુવા વયે દીક્ષા લીધી. ઉતમ સંયમ, વિશ્વાસ પાત્ર, પ્રૌઢ વિચારોવાળા, શાસનગચ્છ માટે ખૂબજ આશાસ્પદ મુનિરાજ હતા. કુદરત આગળ સૌ લાચાર. ગત ચાતુર્માસ બાડમેર મુકામે સંઘમાં ખૂબજ જાગૃતિ લાવેલા. મારવાડમાં ગચ્છના સ્થળોમાં વિચરી આયંબિલ ઓળી મંડાર (દંતાણી) શંખેશ્વર, પાલિતાણા તીર્થોની સ્પર્શના કરતાં મુલુંડ થાણા ચોમાસા માટે વિહાર કરતાં પધારી રહ્યા હતા. જિન વચન આપેક્ષ વૈરાગ્યના વિચારો કરી આપણે સૌ અંતરાત્માથી વિશેષ જાગૃત બનીએ. દ.આ. કલાપ્રભસાગરસૂરિની અનુવેદના ધર્મ લાભ.



KDO
SANJIVANI

સંજીવની યોજના
દ્વારા ૧૦૦ વ્યક્તિઓને મળેલ
જીવનદાનની
ખુશાલી રૂપે

# જ્ઞાતિમૈયા માં વિશેષ પૂર્તિ

**આ વિશેષ સંજીવની પૂર્તિમાં આપનો અનુભવ,
સમાજ માટે સંદેશો અને આપની વિચારધારા
શનિવાર તા.૧૫ જૂન સુધી લખીને મોકલો**

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

જાહેરાત ફક્ત
₹ 1000/-

Contact :
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

## પ.પૂ.સાધ્વીશ્રી સમ્યગદર્શનાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૪૧મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિ.સં.૨૦૩૯ જેઠ સુદ ૩ તિથિ દિને કોઠારા ગામના માવિત્ર માતુશ્રી જયાબાઈ લીલાધર ધનજીભાઈ દંડના ધર્મજ્ઞાનમાં રંગાયેલ દીકરી કોઠારા ગામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરુમૈયા પ.પૂ. સાધ્વીશ્રી વિશ્વદર્શનાશ્રીજી મ.સા.ના શિષ્ય થઈ. પ.પૂ.સાધ્વીશ્રી સમ્યગદર્શનાશ્રીજી મ.સા. નામે સંયમ જીવન પંથનું વિચરણ શરૂ કર્યું. ધર્મ, તપ, ભક્તિ આરાધના કરતાં સંયમ જીવનના ૪૦ વર્ષ પરિપૂર્ણ કરી વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ સુદી ૩ તિથિ દિને સુખ શાતાપૂર્વક ૪૧મા વર્ષમાં પ્રવેશ કર્યો.

આ યાદગાર અને અવિસ્મરણીય દિને આપણે સૌ ઈચ્છીએ છીએ કે પૂજ્ય સાહેબનું આગામી સંયમ જીવન પંથનો પ્રવાસ તપ, આરાધના, ધર્મ, ભક્તિથી હર્યો ભર્યો રહી સુવર્ણ, હીરક, અમૃત વર્ષથી આગળ વધી શતક વર્ષના શિખરે પહોંચે એ શુભકામના, અંતરની ભાવના સહ શત શત વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. સંયમ જીવનના રજત વર્ષ પૂર્ણ કરી ૨૬મા વર્ષ પ્રવેશ કર્યો



અબડાસા પંથકના કોઠારા નગરના માવિત્ર માતુશ્રી જયાબેન ટોકરશી શામજી લોડાયાના શાંત, સરળ સ્વભાવના ધર્મ, આરાધનામાં રત રહેતા ગુણિયલ પુત્રી વિક્રમ સંવત ૨૦૫૪ના જેઠ સુદી ૨ તિથિ દિને ડોંબિવલી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા.ના શિષ્ય તરીકે પ.પૂ.સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. નામ સાથે સંયમ જીવન પથનું વિચરણ શરૂ કર્યું.

વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ સુદ ૨ તિથિ રોજે પૂજ્ય સાહેબ ધર્મ, તપ, ભક્તિ આરાધના કરતાં કરતાં સંયમ જીવનના ૨૫ વર્ષ પૂર્ણ કર્યા. રજત વર્ષની સિધ્ધિ ભરી સફર કરી ૨૬મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ નિમિત્તે ગુરૂ ભક્તો અંતરપૂર્વકથી કામના કરે છે કે પૂજ્ય સાહેબ સુવર્ણ વર્ષ, હીરક, અમૃત વર્ષ પૂર્ણ કરી શતક વર્ષના શિખરે બિરાજે. આજના મંગલ દિને પૂજ્ય સાહેબને ભાવિ સંયમ જીવનની શુભેચ્છા વંદના સાથે અર્પિત કરીએ છીએ.

## પ.પૂ.સાધ્વીશ્રી સંયમપ્રિયાશ્રીજી મ.સા. એ સંયમ જીવનના ૬ વર્ષ પૂર્ણ કર્યા



કચ્છ નાની સિંધોડીના માવિત્ર માતુશ્રી શિલ્પાબેન દીપક દેવશી મૈશેરીની લાડલી ધિયાંબાઈ સંયમ તપના માર્ગે જવાના દૃઢ સંકલ્પ સાથે વિક્રમ ૨૦૭૩ના જેઠ સુદ ૨ તિથિ દિને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના શુભ હસ્તે દીક્ષા ગ્રહણ કરી. પ.પૂ.આ.શ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી સંયમપ્રિયાશ્રીજી મ.સા. તરીકે ઓળખ પામ્યા.

આજે વિક્રમ સંવત ૨૦૭૯ના જેઠ સુદી ૨ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવન પ્રવાસના ૬ વર્ષ પૂર્ણ કરી શુકનવંતા સાતમા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આ શુકનવંતા દિને સૌ ગુરૂ ભક્તોની શુભકામના છે કે સાહેબજી સંયમ તપ જીવનપથ પર ધર્મ, આરાધના કરતા દાયકો, વળોટી રજત, સુવર્ણ વર્ષ પસાર કરી શતક વર્ષના શિખરે બિરાજે. એવી મંગલ ભાવના સંગે શત શત વંદના.

# પ.પૂ.સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ ચાતુર્માસાર્થે અમદાવાદ સંઘમાં પધારશે

પ.પૂ.સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ અમદાવાદ ચાતુર્માસ કરવા પધારી રહ્યાં છે. તા.૨૪ મે બુધવાર શેરથા, તા.૨૫ મે ગુરૂવારે સવારે ૭ કલાકે ચાંદખેડા કીર્તિધામથી અમદાવાદ નગર પ્રવેશ કર્યો. ત્યાંથી સાબરમતી પધારી અત્રે ત્રણ દિવસ સ્થિરતા કરશે. ત્યારબાદ વાડજ, ઉસ્માનપુરા, સેટેલાઈટ પ્રેરણાતીર્થ, નહેરૂ નગર, શહેરના દેરાસર, હઠી સિંહ વાડી, શાહીબાગ, નરોડા વિગેરે સ્થળે સ્થિરતા કરતાં કરતાં તા.૨૦-૨૧ જૂન સુધી મણિનગર ઉપાશ્રય પધારશે. સાબરમતી શ્રી મહેન્દ્ર રવજી રાંભિયા-૯૮૨૫૫૭૮૨૪૦ ના સંપર્કમાં હશે. એ મુજબની જાણકારી શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદના પ્રમુખ શાંતિલાલ મૂળજી સાવલા દ્વારા અપાઈ છે.

# શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ દ્વારા ૧૮ વર્ષની યુવતીઓ માટે નિઃશુલ્ક ધી કેરાલા સ્ટોરીનો શો યોજાયો




તા.૧૮ મે ગુરૂવારના રોજ સમાજની દીકરીઓની જાગૃતિ માટે અને આપણી દીકરીઓ, બહેનો કોઈ અન્ય કાસ્ટના છોકરાની ફસવણૂક ચાલમાં ન ફસાય અને એમના વડીલોને પણ ખબર પડે કે દુનિયામાં કેવી રીતે હિંદુ ધર્મી છોકરીઓને ફસાવવાનો ષડયંત્ર થાય છે એ આશયથી ૧૮ વર્ષ ઉપરની કુંવારી દીકરીઓ અને તેમના માતા પિતા માટે ધી કેરાલા સ્ટોરી હિંદી મૂવીનું નિઃશુલ્ક આયોજન શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ અમદાવાદ તરફથી કરવામાં આવેલ.

જેમાં લગભગ ૫૦ થી વધારે દીકરીઓ અને તેમના માતા પિતાએ આ મૂવી નિહાળી હતી. સંદીપ મોતા, મિશાલ લોડાયા, અંકિત ખોના અને પૂજા ડાઘા દ્વારા આ જાગૃતિ અભિયાનનું સફળતાપૂર્વક સંચાલન કરેલ.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી-મહાકાલીદેવ્યૈ નમઃ ||

સંઘ પ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ટ્રસ્ટ રજી નં A2898 (Mumbai),
ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઇ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨ ૯૩૦૪

## સામાન્ય સમિતિની બંધારણ સુધારા માટેની ખાસ સભાની નોટીસ

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘની સામાન્ય સમિતિ (આજીવન દાતા સભ્ય, ઉપદાતા સભ્ય, મુરબ્બી સભ્ય, ઉપમુરબ્બી સભ્ય, સહાયક સભ્ય, ઉપ સહાયક સભ્ય, આજીવન સભ્યો તથા સામાન્ય સભ્ય)ની સભા

**રવિવાર, તા. ૧૧-૬-૨૦૨૩ના સવારે ૯.૦૦ કલાકે**

શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન સંચાલીત શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસરવાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઇ.), મુંબઇ– ૪૦૦ ૦૭૭ મધે **એકત્ર મળશે.**

**ઉપરોક્ત દરેક શ્રેણીના સભ્યોને સમયસર અવશ્ય પધારવા અને ૮ થી ૯ દરમ્યાન નવકારશીનું લાભ આપવા વિનંતી.**

### :: કાર્યસુચી ::

બંધારણ સમિતિ દ્વારા સુચીત સુધારેલ બંધારણને મંજુરી આપવા બાબત.

**તા.ક. સુધારિત બંધારણની નકલ સભ્યોને શ્રી સંઘના કાર્યાલયથી તા. ૨૨/૫/૨૦૨૩ થી તા. ૨૭/૫/૨૦૨૩ બપોરે ૧૨ થી ૫ દરમ્યાન રૂા. ૧૦૦/– ના નકરાથી મળી શકશે.**

બંધારણના સુધારા વધારા, સૂચનો લેખિતમાં તા. ૩૧/૫/૨૦૨૩ સુધી કાર્યાલયમાં મોકલવા. તે સીવાયની કોઇપણ બાબતો હાથ ધરી શકાશે નહીં તેની નોંધ લેવા વિનંતી.

માનદ્ મંત્રીઓ - જતીન મોરારજી છેડા, પ્રવીણ ટોકરશી લોડાયા, પ્રકાશ નેમીચંદજી સંઘવી, જયંતકુમાર ચીમનલાલ સંઘવી ના

**બહુમાન પૂર્વક જય જિનેન્દ્ર**

# બાંડીયા તીર્થે શ્રી વિમલનાથ જિનાલયનો ૧૫૯મો ધ્વજારોહણ અવસરે દ્વિદિવસીય મહોત્સવ રંગે ચંગે સંપન્ન થયો







કચ્છ અબડાસાના બાંડીયા નગરના શ્રી વિમલનાથ જિનાલયનો ૧૫૯મો ધ્વજારોહણ અવસરે તા.૨૦ મે તથા ૨૧ મે શનિવાર તથા રવિવારના દ્વિદિવસીય મહોત્સવ ૮૦ થી ૯૦ ગામવાસી જ્ઞાતિજનોની ઉત્સાહભરી ઉપસ્થિતિમાં રંગેચંગે ઉજવાયો.

પ્રથમ દિવસે તા.૨૦મે શનિવારે અઢાર અભિષેક કરી ધર્મ આરાધનાઓ થઈ. દ્વિતીય દિવસે તા.૨૧ મે રવિવારે ધ્વજારોહણ થયેલ. વિધિ વિધાન થાણા કલવાથી પધારેલ સરલાબેન તથા કલ્પના બહેન એ ગીત સંગીતની જમાવટ સાથે કરાવેલ. જેમાં ગામના જ્ઞાતિજનો રંગત સાથે રમઝટની જમાવટ કરેલ.

મુંબઈ જ્ઞાતિ મહાજનની ધાર્મિક કમિટીના કન્વીનર મનોજ દામજી લોડાયા જે આજ ગામ બાંડીયાના છે તેઓએ ઉપસ્થિત સૌને ધ્વજારોહણમાં શા માટે અવશ્ય આવવું જોઈએ એની મહારાજ સાહેબો પાસેથી સાંભળેલા દ્રષ્ટાંતો કહીને સૌનામાં જોશ પૂરેલ દર વર્ષે વધુમાં વધુ સંખ્યામાં બધા પધારે એ આહ્વાન આપેલ. આવનારા સૌ અતિથિઓની ઉત્તમ અને સરસ સગવડ તથા પ્રોગ્રામનું સુંદર આયોજન કરવા બદલ બાંડીયા મહાજનના ટ્રસ્ટીઓને તેમજ કાર્યકર્તાઓનો મુંબઈ જ્ઞાતિ મહાજન તરફથી હૃદયપૂર્વક તેમણે આભાર માનેલ.

પહેલેથી જ કોઈપણ લાભ લેનાર દાતા કે ચડાવા ન હોવાથી સૌએ હળી મળીને બધાએ લાભમાં સાથે ભાગ લીધો.

કચ્છ અબડાસા તાલુકામાં મૂળનાયક શ્રી વિમલનાથ હોય એવું એક માત્ર ૧૫૯ વર્ષ જૂનું તીર્થ બાંડીયા ગામ છે. જે મોટી પંચતીર્થીના તેરા ગામથી અડધા કલાકના રસ્તે માતાના મઢ જતાં રસ્તામાં આવે છે ને માતાની મઢથી પણ રવાપર નેત્રા થઈ અડધા કલાકમાં બાંડીયા પહોંચાય છે. માટે કચ્છ પધારતા બધાને ૧૫૯ વર્ષના પૌરાણિક અને ઐતિહાસિક જૂના તીર્થના દર્શન વંદન કરવા પધારવા વિનંતી કરાઈ છે. અત્રે રહેવા માટે સુંદર અતિથિગૃહ છે. અગાઉથી ફોન દ્વારા જાણ કરાતાં જમવાની સગવડ પણ ઉપલબ્ધ છે. સંપર્ક : મહેશ શાહ-૯૯૭૯૧૬૯૨૨૩

# જ્ઞાતિના સિતારાઓને અભિનંદન



**Kavya Rahul Dand**
85%
Chhadura - Vadodara




**Nikita Yogesh Nagda**
92%
Moti Sindhidi - Hyderabad




**Kruti Hiren Momaya**
86.67%
Jakhau - Pune



**Sanyam Paresh Ajani**
84%
Chembur - Kothara



**Parshva Jatin Lodaya**
82%
Bandiya - Ahmedabad




**Moksha Alpesh Dharamshi**
90%
Lala - Mulund



**Mishti Pradnesh Shah**
90%
Lala - Karad



**Mokshil Hitesh Patel**
60%
Sandhav - Mulund



**Soham Kamlesh Lodaya**
87%
Rapar Gadhwari - Ahmednagar



**Komal Sunil Nagda**
89.50%
Jakhau - Thane



**Saloni Paresh Lodaya**
81.50%
Kothara - Dombivali



**Swayam Ketan Lodaya**
87.33%
Varapadhar - Dombivli



**Krishi Viren Nagda**
83.50%
Rapar - Dombivli



**Arpita Pankaj Dand**
84.17%
Kothara - Dombivli



**Khushbu Laherchand Chheda**
74%
Naliya - Dombivli



**Rashi Rohit Lodaya**
87.33%
Tera - Anjar

# જ્ઞાતિના સિતારાઓને અભિનંદન



**Prisha Hiren Dand**
87%
Sandhav - Mulund



**Yash Vipul Lodaya**
66%
Sandhav - Bhandup



**Raj Hiten Motta**
85%
Tera - Wadala



**Charmi Kamlesh Dand**
91.33%
Parjau - Vidyavihar



**Khush Pratap Nagda**
88.17%
Malakapur - Varapadhar



**Neeral Shirish Nagda**
87.33%
Khamgaon - Tera



**Chandani Santosh Momaya**
83.17%
Varadiya - Sendhwa



**Kanya Vayesh Munvar**
89%
Matunga - Jakhau



**Vaishnavi Khushal Chheda**
81%
Jasapar - Dombivli



**Bhumi Manek Maisheri**
86%
Lala - Dombivli



**Krish Amit Shah**
68%
Parjau - Nashik



**Kiran Prakash Khona**
MSC 84%
Suthri - Mumbai

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા નેચર ક્યોર કેમ્પ સીઝન ૧૦નું કચ્છમાં આયોજન

તા.૩૦ સપ્ટેમ્બરથી ૮ ઓક્ટોબર સુધી રતનવીર નેચર ક્યોર સેન્ટર બિદડા મધ્યે શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા નેચર ક્યોર કેમ્પ સીઝન ૧૦નું આયોજન કરાયું છે. સુપર વોર્ડ ૪ વ્યક્તિ શેરીંગ રૂા.૯૦૦૦, પ્રતિ વ્યક્તિ, નોન એસી ૨ વ્યક્તિ શેરીંગ રૂા.૧૧ હજાર, એસી રૂમ ૨ વ્યક્તિ શેરીંગ રૂા.૧૫૦૦૦ વ્યક્તિ દીઠ અને સ્યુટ ૨ વ્યક્તિ શેરીંગ રૂા.૨૩ હજાર પ્રતિ વ્યક્તિ રહેવાનું જમવાનું અને ટ્રીટમેન્ટ સાથે ચાર્જીસ છે. આવવા જવાની ટિકીટ અતિરિક્ત. દરેક ઉંમરના કેડીઓ જ્ઞાતિજન આવકાર્ય.

વેલફર્નિશ્ડ રૂમમાં નિવાસ, નેચરલ ડાયેટ નેચરલ હર્બલ ડ્રીન્ક, ફ્રેશ ફ્રૂટ જ્યૂસ કાઉન્સિલિંગ, ફૂટ-આર્મ બાથ, મડ એપ્લીકેશન, આઈસ એપ્લીકેશન, મેગ્નેટથેરેપી, કિડનીપેક, હોટ એન્ડ કોલ્ડ ફોમેન્શન, એનિમા, મેડિશન અને યોગ, લોકલ સ્ટીમ વેટ પેક, ગેસ્ટ્રો હેપટીકપેકની ટ્રીટમેન્ટ લિમીટેડ સીટ હોવાથી વહેલો તે પહેલોના ધોરણે રજિસ્ટ્રેશન માટે સંપર્ક સંદીપ શાહ-૯૮૬૭૧૬૭૩૮૭, નિતલ લોડાયા-૯૮૧૯૬૮૦૦૨૧, યશોધન કારાણી-૯૮૨૧૧૩૭૭૩૭, વિરાજ ધુલ્લા-૯૮૨૦૯૬૬૯૬૬, રોપીન નાગડા-૯૩૨૩૪૭૫૮૩૭




## શ્રી યવતમાળ સંઘ ખાતે દાદા કલ્યાણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ધ્વજાનો લાભ ધરમશી પરિવારએ લીધો



શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાળ ખાતે દાદાવાડીના દાદા શ્રી કલ્યાણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ધ્વજાનો લાભ શ્રી વિક્રમભાઈ ધરમશી પરિવાર હસ્તે મનિષભાઈએ લીધેલ.

## શ્રી કેડીઓ મંડળ ડોંબિવલી દ્વારા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભનું આયોજન

તા.૪ જૂન રવિવાર સવારે ૯.૩૦ કલાકે શુભમ બેન્કવેટ હૉલ, મંજરી સાડી ઉપર ડોંબિવલી ઈસ્ટ મધ્યે વિદ્યાર્થીઓનો સન્માન સમારોહનું આયોજન કરાયું છે. જેમાં પધારી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા સહર્ષ આમંત્રણ શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના પ્રેસિડન્ટ વિજયભાઈ સોની અને શ્રીમતી અર્ચના અમિત ખોના એજ્યુકેશન ચેરમેન દ્વારા અપાયું છે.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● નખત્રાણા તાલુકાના તરા-મંજલ ગામે સુરેન્દ્ર સિંહ મહિપત સિંહ જાડેજાએ પોતાના પુત્રના લગ્ન પ્રસંગે થ્રીજી એટલે કે ગોડ, ગાર્ડિયન અને ગાર્ડન એમ ત્રણ જીનો સમન્વય કરી સેવા અદા કરી હતી. લગ્ન એટલે શ્રીમંતાઈ નહીં સેવાનો અવસર બને એ પ્રકારે ઉજવણી કરી હતી. કંકોતરીમાં પ્રાકૃતિક ખેતીને સ્થાન આપ્યું હતું. ગૌમૂત્ર-છાણ અને ૧૨ પ્રકારના ધાન્યમાંથી તે બનાવી હતી અને જેના ઘરમાં જાય તેઓ કુંડામાં નાંખી દે તો તેમાંથી વૃક્ષ ઊગી નીકળે એવી ભાવનાથી સર્જી હતી. કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રમાં વિનંતી કરી ત્યાંની દીકરીના લગ્નનું કન્યાદાન તેમણે કર્યું. જાનૈયાઓની આગતા સ્વાગતા કરી જમણવાર કર્યો. પુત્રના લગ્નનો માંડવો ગાયના છાણમાંથી લીંપણ કરીને માટીના વાસણ, કેળના સ્થંભ, આસો પાલવના પાન સાથે પત્રાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગામના મંદિરોને સુશોભિત કરાવી સુધારણા પાછળ ૧૦ લાખનો ખર્ચો કર્યો. પુત્રના લગ્નમાં સંગીત સંધ્યામાં એકત્ર થયેલી રૂા.૨.૫૦ લાખ ધોરની રકમ મંદિરોના નિભાવ માટે આપી દીધી.

● માનવ જ્યોત સંસ્થા ભુજ અને રામદેવ સેવાશ્રમ પાલારા દ્વારા ઉનાળાની ગરમીના દિવસોમાં તરસ્યા પક્ષીઓને પીવા પાણી મળે એ ઉદ્દેશથી કુંડા-ચકલી ઘર વિતરણના જીવદયા કાર્યનો નારાયણ સરોવર તીર્થથી પ્રારંભ કરાયો હતો. છેલ્લાં ૧૯ વર્ષથી સંસ્થા દર વર્ષે ઉનાળો આવતાં જ કુંડા ચકલી ઘર વિતરણ કરે છે. આ કાર્ય સમગ્ર કચ્છમાં પહોંચાડાશે.

● ગરમીના દિવસોમાં શરીરને ઠંડક સાથે તાજગી આપતા ફળ સક્કરટેટીનું અબડાસામાં મહિનાઓ પહેલા વાવેતર થયા પછી હવે ફાલ ઉતારવાનું શરૂ થયું છે. પંથકના પંદરેક ગામના ૪૦ થી ૫૦ ખેડૂતોએ ૫૦૦ એકરમાં વાવેતર કર્યું હતું. ચાલુ વર્ષે સક્કરટેટીના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો હતો. કપાસના ફાલમાં વિલંબ થતા સક્કરટેટીના વાવેતરને અસર પહોંચી હતી. પિયત ક્ષેત્રવાળા વાડાપધ્ધર, કોઠારા, પરજાઉ, ખીરસરા, કનકપર, ભાચુંડા, સાંધવ વિગેરે ગામોમાં સક્કરટેટીનો ફાલ ઊતરવાનું ચાલુ થયુ છે. ફાલની ખરીદી કાજે ભુજ માડવીના વેપારીઓ અબડાસામાં ફરી રહ્યાં છે.

● લોહાણા જ્ઞાતિના ઈષ્ટદેવ ઝૂલેલાલના લખપત તાલુકાના હમન ખુડી ખાતે આઠ સદીથી વધુ સમયથી પૌરાણિક મંદિર પવિત્ર યાત્રાધામ નારાયણ સરોવરથી નવ કિ.મી.ના અંતરે આવેલ છે. તેનું જીર્ણોધ્ધારનું કામ હાલે અંતિમ તબક્કામાં છે. છ કરોડના ખર્ચે નિર્માણ કાર્યમાં કલાત્મક રીતે જમીનથી ૫૧ ફૂટ ઊંચા એવા આ મંદિરના શિખરની ઊંચાઈ ૩૧ ફૂટ છે. ઝૂલેલાલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિર્માણધીન મંદિર રાજસ્થાનથી મંગાવેલા બંસી લાલ પથ્થરનો ઉપયોગ કરાય છે. અત્રે બીજા તબક્કામાં અતિથિગૃહ, ગૌશાળા, ભોજનશાળા ઉપરાંત આરોગ્ય વિષયક પ્રવૃત્તિ પણ શરૂ કરાશે.

● મૂળ બાડા હાલે માંડવીમાં રહેતા વંદના દેવરાજ ગઢવીને ટ્રાન્સ મીડિયાનો બેસ્ટ સિંગર એવોર્ડ અપાયો. નાયિકા દેવી ફિલ્મમાં પાટણના પટરાણી ગીતને અવાજ આપનારી સુરીલી કચ્છી ગાયિકા વંદના ગઢવીની પસંદગી થતાં ચાહક વર્ગમાં ખુશી ફેલાઈ છે. સૂફી, ગઝલ, ગરબા, રાસ, ભજન, સંતવાણી સહિતની ગાયકીમાં છેલ્લાં ટૂંકા સમયમાં નોંધપાત્ર રીતે આગળ વધી રહેલ વંદના ગઢવી પિતા દેવરાજ ગઢવી 'નંઢોડેરા' પાસેથી દાદા સામત ઘરાનાનો વારસો મેળવ્યો છે. શાસ્ત્રીય અને સૂફી ફેઈમ ગાયનમાં વંદના એ નાની ઉંમરે સફળતા મેળવી છે.

● કચ્છ જેવા સૂકા મુલકમાં સામાન્ય પાકો પાણીના અભાવે સૂકાઈ જતાં હોય છે. ત્યારે સરહદી અબડાસા તાલુકાના બીટા ગામની મહિલાએ ભેજવાળા પ્રદેશમાં થતું અતિ દુર્લભ એવું અજોલા ઘાસનું વાવેતર કરી પોતાની મહેનત અને મનોબળનું ઉદાહરણ પૂરું પાડ્યું. વર્તમાન સમયમાં આ ઘાસ પ્રતિ કિલો રૂા.૧ હજારની બજાર કિંમતે વેચવામાં આવે છે. તેમજ પશુને આ ઘાસ આપવાથી દૂધની ગુણવતા તેમજ જથ્થામાં સારો એવો વધારો કરી શકાય છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)